# માનનીય રમેશભાઈ ટીલાળા સાહેબની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં બિનસરકારી સંકલ્પ રજૂ કરવા માટે મને આપવામાં આવેલા અવસર બદલ હું આપનો અને આ સન્માનીય ગૃહને આભાર માનું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આજે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના બિનસરકારી સંકલ્પને ગૃહમાં રજૂ કરવાની મને જયારે તક મળી છે ત્યારે, આ સન્માનનીય ગૃહમાં મારે મારા કેટલાંક વિચારો રજૂ કરવા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ભારતવાસીઓ માટે આવું એક કદમ એટલે ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ઝારખંડ રાજ્યમાંથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે ગુલામીની માનસિકતામાંથી બહાર આવીને વર્ષ – ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લેવડાવ્યા હતા. ગુજરાતમાં માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ યાત્રાનો પ્રારંભ અંબાજીથી કરાવ્યો હતો.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા શરૂ કરવામાં આવેલ ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' ને માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં વ્યાપક રીતે શરૂ કરવામાં આવી હતી અને તેને અભૂતપૂર્વ સહકાર મળ્યો હતો. ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''ના અજોડ આયોજન બદલ આ સભાગૃહ રાજ્ય સરકારને ખુબ  ખુબ અભિનંદન પાઠવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વિકસિત ભારતનું સપનું જોવાનું સાહસ આપણો દેશ કરી શકે છે એ વાતની પ્રતિતિ અત્યારે આપણને થઈ રહી છે. અને આ સપનું પણ સાકાર થશે જ એવા વિશ્વાસનું મજબૂત વાતાવરણ પણ સમગ્ર ભારતમાં રચાયું છે. જેનું એક માત્ર કારણ છે, આપણું અપ્રતિમ ગૌરવ અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

થોડાં વર્ષો પહેલા એક સમય એવો આવી ગયો હતો કે, આપણાં વિદેશી મુદ્રાભંડારનું તળિયું દેખાય ગયું હતું. આપણે આર્થિક અરાજકતાની કગાર પર આવી ગયા હતા. દેશની અનિર્ણાયક અને ઢીલી નીતિઓને કારણે દેશમાં અસ્થિરતાનો માહોલ પેદા થઈ ગયો હતો. નબળી વિદેશનીતિ વચ્ચે, આતંકવાદ અને છાસવારે થતા

બોમ્બ વિસ્ફોટે સમગ્ર દેશમાં ભયાનકતાનું વાતવરણ ખડું કરી દીધું હતું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આવી પરિસ્થિતિમાં વર્ષ 2014 નવી આશાઓ અને નવી આકાંક્ષાઓ લઈને આવે છે. રાષ્ટ્રને આદરણીય નરેન્દ્રભાઈ મોદી જેવા રાષ્ટ્રનાયકની ભેટ મળે છે. મને કહેતા આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે, દેશની પ્રજાને અને દેશને આ મહાન ભેટ આપવા માટે આપણું ગુજરાત ગૌરવ અનુભવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ લાલ કિલ્લા પરથી ગરીબીને લલકારે છે. આતંકવાદને પડકારે છે. સ્વચ્છતાના સંદેશનો ઉદઘોષ કરે છે. દેશના વિકાસ માટે ભારતવાસીઓને કદમ સે કદમ મિલાવીને આગળ વધવા આહવાહન કરે છે. આપણામાં વિશ્વાસ ભરે છે અને "સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ" જેવા વિકાસના મહામંત્રનો જયઘોષ કરે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

નરેન્દ્રભાઈ મોદીસાહેબના નેતૃત્વમાં આ દેશ ભ્રષ્ટાચાર, પરિવારવાદ અને દેશને અંદરથી ખોખલો કરતી નીતિઓનો ત્યાગ કરે છે. વિકાસના પાયાની ઈંટ મૂકે છે. મેક ઈન ઈન્ડિયાનો નારો આપે છે.

નવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે. જળવાયુ પરિવર્તન, ગ્લોબલ ઈકોનોમી, સ્ટાર્ટઅપ પોલીસી, ગ્રીન એનર્જી, આત્મનિર્ભર ભારત અને બીજાં કેટલાય વિષયો દ્વારા વૈશ્વિક મંચ પર નવિન ભારતની પ્રસ્તુતિ કરે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

પરિણામ એ આવે છે કે, દેશમા શાંતિ, સ્થિરતા અને વિકાસના નવા યુગનો આરંભ થાય છે. વર્ષ 2047માં દેશને વિકસિત ભારત બનાવવાના પ્રયાસોનો પ્રારંભ થતા દુનિયામાં ભારતની શાખ વધે છે. આપણું ગૌરવ આપણને પાછું મળી રહ્યું હોય એવી આપણને સૌને પ્રતીતિ થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મોદી સાહેબના નેતૃત્વમાં યુક્રેન અને રશિયાના યુદ્ધ વચ્ચેથી ભારત એના નાગરિકોને પરત લાવવાની હિંમત અને તાકાત બતાવી શકે છે. અભિનંદન વર્ધમાનને 24 કલાકમાં ભારત પરત લાવી શકે છે. કોરોનાના કપરા કાળમાં દેશ મજબૂતાઈથી ઊભો રહી શકે છે. દેશનાં દરેક નાગરિકને વેક્સિન આપી કોરોના સામે સુરક્ષિત કરી શકે છે. આ વાત સાબિત કરે છે કે વિકસિત ભારતની આપણી યાત્રા સફળ રીતે આગળ વધી રહી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

દેશ આજે બધાં જ સેક્ટરોમાં વિકાસ કરી રહ્યો છે. દેશ તેજસ જેવા વિમાનો બનાવી રહ્યો છે. જળ, જમીન અને આકાશમાં આપણી સુરક્ષા અભેદ્ય બની છે. આજે આપણે નાપાક હરકતો કરનારને ઘરમાં ઘૂસીને મારી શકીએ છીએ. માળખાગત સુવિધાઓ ઊભી કરવા સાથે આજે આપણે ચંદ્ર,મંગળ અને સૂર્યનો અભ્યાસ કરવાના સફળ અભિયાન પાર પાડી શકીએ છીએ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

દેશ માટે અપ્રતિમ વિકાસના દ્વારા ખોલવા માટે હું આ ગૃહના માધ્યમથી રાજ્યની પ્રજા વતી આદરણીય મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આદરણીય નરેન્દ્રભાઈની આગેવાનીમાં આપણે વિશ્વની સૌથી મોટી હેલ્થ સ્કીમ ચલાવીએ છીએ. આપણે વિશ્વનું સૌથી મોટું વેક્સિન અભિયાન ચલાવ્યું છે. વિશ્વમાં સૌથી વધું બેંક એકાઉન્ટ એટલે કે જનધન ખાતા પણ આપણે ત્યાં ખુલ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ દેશ 2036 ના ઓલિમ્પિકની મેજબાની કરવા સજ્જ બની રહ્યો છે. દેશનું યુવાધન અને વૈજ્ઞાનિકો હવે ભારતમાં કામ કરવા પરત

ફરી રહ્યા છે. નવી શિક્ષણનીતિ દ્વારા નવી ક્રાંતિના મંડાણ થવાની શરૂઆત થઈ ગઈ છે. 65 કરોડ યુવાનો સાથે 140 કરોડની જનતા વડાપ્રધાનની હાકલને ઝીલીને, ભારતને પુનઃ મહાન ભારત બનાવવા માટે થનગની રહી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વિકસિત ભારતના સંકલ્પથી સિદ્ધિ સુધીની ભારતની આ યાત્રાના આપણે સૌએ સાક્ષી બનવાનું છે. સાથે વિકાસની આ યાત્રાના યાત્રિક પણ બનવાનું છે. અને એટલે જ આ સંકલ્પ ગૃહમાં લાવવાનું મને યોગ્ય જણાતા આ બિનસરકારી સંકલ્પને ગૃહ સામે રાખી રહ્યો છું.

**જય જય ગરવી ગુજરાત**